R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 46 DATE: 18-11-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## મોદી તઘલખી જેવા પોતાની સિક્કા પાડવા અણઘડ રીતે નોટબંધી લાગુ કરી છે : યશવંતસિંહા પુર્વ નાણાં મંત્રી

ભાજપની એનડીએ સરકારમાં જ નાણાંમંત્રી રહી ચુકેલા યશવંત સિંહાએ એવી ગંભીર ભીતી વ્યક્ત કરી છે કે અણઘડ રીતે લાગુ કરાયેલા જીએસટી અને નોટબંધીના પગલાંને કારણે માંડ માંડ એક પગ પર ઉભા રહેલા દેશના અર્થતંત્રની હાલત ખરાબ કરી નાંખી છે.જો ક્રુડના ભાવ બેરલ દીઠ ૭૦ ડોલર પર પહોચશે તો નાણાંકીય વ્યવસ્થા ખોરવાઈ જશે.વડાપ્રધાન મોદીને દિલ્હીથી દોલતાબાદ રાજધાની લઈ જનારા સુલતાન મહંમદ તઘલખ સાથે સરખાવતાં એવા ચાબખા માર્યા હતા કે અગાઉના શહેનશાહો આવ્યા ત્યારે તેમણે પોતાના નામના સિક્કા શરુ કર્યા હતા. પરંતુ તેઓ એટલા શાણાં હતા કે જુના સિક્કા ચાલુ રાખ્યા હતા.અને આમણે તો બધું જ નવું કર્યું તેના કારણે બધી મોકાણ સર્જાઈ છે.દેશમાં લાખો બેરોજગાર થઈ ગયા છે. અને કરોડો વેપારીઓ જીએસટીના અટપટા ફોર્મના કારણે ધંધા બંધ કરે કે જેલમાં જાય તેવી સ્થિતિ છે.

લોકશાહી બચાવો અભિયાનના ઉપક્રમે અમદાવાદના ઠાકોરભાઈ દેશા હોલમાં યશવંતસિંહાએ પ્રબુધ્ધ નાગરિકો સમક્ષ અર્થતંત્રની હાલત કેમ કથળી રહી છે તેના કારણો રજુ કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે નોટબંધીએ એવો જોરદાર હથોડો માર્યો છે કે બ્લેક મનીના બદલે આપણા હાથ-પગ તુટી ગયા છે. ઉપરથી ૧.૮ મિલિયન બેંક ખાતાની તપાસ ચાલુ કરવામાં આવી છે જેથી ભારત ચોરોનો દેશ છે તેવો સંદેશ જઈ રહ્યો છે.લાખો કેસ કર્યા છે તેને કાળુ નાણું મનાય છે પરંતુ તે કેસ આગળ વધશે તેમ તેમ તે કાળુ ધન હશે કે કેમ તે કહેવું મુશ્કેલ બનશે.

જીએસટીની તરફેણ કરતાં સિંહાએ કહ્યુ હતું કે હું નાણાંમંત્રી હતો ત્યારે તે લાગુ કરવાની ભલામણ કરી હતી. પરંતુ આ સરકારે વિચાર્યા વગર ફોર્મ બનાવ્યા કે લાખો કરોડો લોકો વેપારીઓ એવા છે જે ભરી શકે તેમ જ નથી.જેના કારણે તેમની પાસે જેલમાં જવાનો કે ધંધા બંધ કરી દેવાના એમ બે જ વિકલ્પ રહ્યા છે.જ્યારે જીએસટી લાગુ કરાયો ત્યારે દેશના સ્વાતંત્ર્ય પર્વ જેવો ઐતિહાસિક પ્રસંગ હોય તેમ જીએસટી લાગુ કરાયો પણ હવે તેની મુળભુત ખામીઓને લઈને જ સુધારાઓ થઈ રહ્યા છે.કરુણતા એ છે કે ભુલો કરી છે તે પાછા સ્વીકારતા નથી પણ હજુ પણ તેઓ એવું કહે છે કે પહેલા જં હતું તે પણ સારુ હતુ અને નવું કર્યુ તે પણ સારુ છે.તો પછી દરો બદલવાની કેમ જરુર પડી. શું આવો જ હતો તમારો ઐતિહાસિક ફેસલો કે વારે ઘડીએ તેમાં ફેરફાર કરવાની જરુર પડે

સિંહાએ કહ્યુ હતું કે હવે ચુપ રહી શકાય તેમ નથી. અમે જ સાચા તેવી શેખી મારનારા કહે છે કે પહેલા કશું જ થયુ નથી પરંતુ પહેલા બાજપાઈની સરકાર હતી તે પણ ભુલી ગયા. જો તેમણે કશું જ કર્યુ નથી તો તેમને ભારત રત્ન કેમ આપ્યો તેવો સવાલ કરતાં તેમણે કહ્યુ હતું કે અઠી લોકોની સંમતિથી નહીં પણ વિપક્ષ અને ખાસ તો લોકોની સહમતી પણ નિર્ણયોમાં હોવી જોઈએ. બધાનો સાથ તો જોઈએ પણ બધાથી મુક્ત થઈને પોતાનો જ વિકાસ થાય તે નહીં ચાલે.

દેશના વડાપ્રધાને જે વાયદા કર્યા છે તે બધા હવે ૨૦૨૨માં પુરા કરવાનું કહે છે. પરંતુ પ્રજા તેમાં મંજુરી આપતી નથી.કારણકે સરકાર પાંચ વર્ષ માટે જ હોય છે.અને તેમાં ૩ વર્ષ થઈ ગયાં છે તેથી ૨૦૧૯ ની ચુંટણીમાં જ હિસાબ આપવો પડશે.૧૫ લાખ કરોડના પ્રોજેકટ અટવાયેલા પડ્યા છે. અને બેન્કોની એનપીએ વધી રહી છે. ખાનગી રોકાણ નગણ્ય થઈ ગયું છે. અને સરકાર એકલા હાથે રોકાણ કરીને અર્થતંત્રને ધમધમતું કરી શકે તેટલી ક્ષમતામાં નથી.ઈન્ડ્રસ્ટીયલ પ્રોડકશન ધીમું પડી ગયું છે.અર્થ વ્યવસ્થા એ હાલત પર છે કે નવી રોજગારીની તકો ઘટી ગઈ છે.અને એક જાળમા ફસાઈ ગયા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.જો એક ભયાનક દ્રશ્ય છે જેની ચિંતા થવી જોઈએ. ૨૦૧૪માં ક્રુડઓઈલના ભાવ બેરલ દીઠ ૨૯ ડોલર થઈ ગયા ત્યારે એક અવસર મળ્યો હતો.ત્યારે જનતાને ફાયદો પહોચાડવાનો હતો.ત્યારે ટેક્ષ પર

અનુ પાન નં ૨ ઉપર

## ગુજરાતનો વિકાસદર સતત ઘટી રહ્યો છે : ભ્રષ્ટાચાર હવે જુની બંધ થયેલી નોટોના બદલે નવી રુ.૨૦૦૦નીનોટથી થાય છે : પુર્વ મંત્રી ચિદમ્બરમ

નોટબંધી ભારતીય અર્થતંત્ર પર કુઠારાઘાત સાબિત થયો છે. અને જીએસટીનો જે સ્વરુપે અમલ થયો છે તેને જીએસટી ગણી જ ના શકાય એમ ભુતપુર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમે અમદાવાદની મુલાકાત દરમિયાન જણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે નોકરીઓનું સર્જન થવાના બદલે નોકરીઓ ઘટી રહી છે.તેથી યુવાનોમાં આક્રોશ છે અને તેના કારણે યુવા આંદોલનકારોને સાંભળવા લોકો એકઠાં થાય છે.ગુજરાતનો વૃધ્ધિદર છેલ્લા ચાર વર્ષમાં તળીયે પહોચ્યો છે તેવા આંકડાઓ તેમણે આપ્યા હતા.

પી.ચિદમ્બરમે કહ્યુ હતું કે નોટબંધી દ્વારા કાળુ નાણું, ભ્રષ્ટાચાર અને નકલી નોટોને ડામવાનો કેન્દ્ર સરકારનો દાવો વાહિયાત છે. ફરીથી કાળુ નાણું જનરેટ થયું છે. અને ભ્રષ્ટાચાર રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટના બદલે હવે રુ.૨૦૦૦ની નોટથી થાય છે. દેશમાં નકલી નોટો પણ પકડાઈ રહી છે. આમ નોટબંધી સંપુર્ણ નિષ્ફળ પગલું નિવડ્યું છે.અને દેશનો જીડીપી વૃધ્ધિદર તળીયે પહોચ્યો છે.જાન્યુ.૨૦૧૬ થી જુ.૨૦૧૭ સુધીના છ ક્વાટરમાં જીડીપી વૃધ્ધિદર ૯.૧ ટકાથી ઘટીને ૫.૭ ટકા પર આવી ગયો છે. ડો.મનમોહનસિંહ સરકારના પ્રથમ પાંચ વર્ષનો સરેરાશ જીડીપી વૃધ્ધિદર ૯.૫ ટકા હતો.જે અત્યાર સુધીમાં પાચં વર્ષનો સૌથી શ્રેષ્ઠ વૃધ્ધિદર છે. યુપીએ સરકારના ૧૦ વર્ષનો સરેરાશ વૃધ્ધિદર ૨૦૦૮ની વૈશ્વિક મંદી અને ત્યારબાદ યુરોપિયન કટોકટી છતાં ૭.૫ ટકા નોધાયો હતો અને અમે સત્તા છોડી ત્યારે ૬.૪ ટકા જીડીપી વૃધ્ધિદર૬.૫ ટકા ફુગાવો અને ૪.૮ ટકા ફિસ્કલ ડેફીસીટ હતી. જો કે સારી વિકેટ પર અગાઉના બેટ્સમેનો સારી બેટીંગ કરી ગયા હોય ત્યારે નવા આવનારા બેટ્સમેનને માત્ર તે ટકાવી રાખવાની જરુર હોય છે.તેમણે નવું કરવાની કોઈ જરુરત હોતી નથી. જો કે નરેન્દ્ર મોદીના શાસન હેઠળની સરકાર વધુ સારા અમલીકરણ, ઝડપી નિર્ણયો અને ઉર્જા પુરવામાં નિષ્ફળ નીવડી છે.અને નોટબંધીએ સૌથી વધુ રોજગારીનું સર્જન કરતાં માઈક્રો અને નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોની કમર તોડી નાંખી છે.નોટબંધીના કારણે દેશમાં ૧૯.૬૦ લાખ નોકરીઓ ગઈ છે.

શિક્ષણ,બાળ મૃત્યુદર,જેન્ડર રેશિયોમાં મહારાષ્ટ્ર,તામિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યો ગુજરાતથી ઘણા આગળ છે. ગુજરાતની માથાદીઠ આવક પણ મહારાષ્ટ્ર અને તામિલનાડુથી ઓછી છે.અને કેરળ જેવા નાના રાજ્યોને સમકક્ષ છે. એમ તેમણે કહ્યુ હતું. રાજ્યમાં નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું નથી તેથી યુવાનોમાં આક્રોશ છે એમ તેમણે ઉમેર્યું હતું.જીએસટી વિશે બોલતાં તેમણે કહ્યુ હતું કે આ સરકાર જે જીએસટી લાવી છે તે અમે ૨૦૦૫માં જાહેર કરેલો જીએસટી નથી. શુન્ય, ત્રણ, પાચં,૧૨,૧૮,૨૮.૪૦ અને ઉપરાંત સેસ એ જીએસટી ના કહી શકાય. એક વર્ષમાં ૩૭ રિર્ટન ભરવા પડે અને જો કોઈ ઉદ્યોગગૃહ સમગ્ર દેશના તમામ ર ાજયોમાં વેપાર કરતું હોય તો તેણે કુલ ૧૦૦૦ રિર્ટન ભરવા પડે એ કઈ રીતે જીએસટી કહેવાય ? આ જીએસટી નથી પરંતુ ભાજપની ખીચડી છે.ચુંટણીના કારણે તેમાં કેટલાક ફેરફાર કરવા પડ્યા છે તેથી હું ગુજરાતનો આભારી છું.

## દેશને કોગ્રેસમુક્ત કરવાનો ભાજપનો પ્રયાસ સફળ થયો નથી : શિવસેના



શિવસેના દ્વારા ભાજપ પર વધુ એક જોરદાર પ્રહાર કરાયો હતો. જેમાં શિવસેનાએ મધ્યપ્રદેશના ચિત્રકુટમાં યોજાયેલ પેટા ચુંટણીમાં કોગ્રેસે જે રીતે બાજી મારી લીધી હતી તેને લક્ષમાં રાખીને ભાજપના જ સાથીપક્ષ શિવસેનાએ તેની મજાક ઉડાવતાં કહ્યુ હતું કે કેન્દ્રમાં શાસક પ ક્ષ ભાજપના અનેક પ્રયાસો પછી પણ દેશ કોગ્રેસમુક્ત થઈ શક્યો નથી.કોગ્રેસે ચિત્રકુટ વિધાનસભા સીટની પેટા ચુંટણીમાં જવલંત વિજય મેળવ્યો હતો.કોગ્રેસના ઉમેદવારે ૧૪૦૦૦થી વધુના મતોની સરસાઈ સાથે આ જીત મેળવી હતી.આ મુદે શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં લખાયેલા સંપાદકીયમાં જણાવ્યુ છે કે ભલે ભાજપ મધ્યપ્રદેશમાં મોટું નુકશાન વેઠ્યું છે અને દેશને કોગ્રેસમુક્ત કરવાની ચિંતા તો હજુ પણ યથાવત રહી છે.કોગ્રેસના ઉમેદવાર નિલાંશુ ચર્તુવેદીએ તેમના ભાજપના હરીફ શંકર દયાળ ત્રિપાઠીને આ પેટાચુંટણીમાં પરાજિત કર્યો છે.

## ગાંધી હત્યા કેસમાં તુષાર ગાધીને તેમનુ વલણ સ્પષ્ટ કરવા સુપ્રીમ કોર્ટે કહ્યું

સુપ્રીમ કોર્ટે મહાત્મા ગાંધીની હત્યાના ૭૦ વર્ષ જુના કેસમાં ફરી તપાસ કરવાની અરજી સામે વિરોધ કરનાર તેમના પ્રપૌત્ર તૃષાર ગાંધીને તેમના વલણ અંગે સવાલ કર્યો હતો.આ મામલે સુપ્રીમ ગયેલા ગાંધી કહ્યુ હતું કે તેઓ કેસમાં તેમની સ્થિતિ સ્પષ્ટ કરી શકે છે.અરજીનો વિરોધ કરતાં તેમણે ઉમેર્યું હતું કે કેસને ફરી ખોલવાનો કોઈ મુદ્દો જ નથીી.આ મામલે એક સિનિયર એડવોકેટને એમિક્સ ક્યુરી તરીકે નીમી ચુકેલી સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે આ કેસમાં આગળ વધતાં પહેલાં તેઓ રિપોર્ટની રાહ જોશે.આ કેસમાં કેટલાક કિંતુ અને પરંતુ છે. તેથી તે જરુરી છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવા મુદ્દે ભારે કસમકસ ચાલી રહી છે.આપણા બંધારણે બક્ષેલી તમામ સ્વતંત્રતા પર ખતરો મંડાઈ રહ્યો છે.વારંવાર ફિલ્મોના કે પુસ્તકોના લખાણો કે નિવેદનો પર વિવાદોની પરંપરા ચાલી રહી છે.તાજેતરમાં ફિલ્મા પધ્માવતીનો વિવાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોચી ગયો.ફિલ્મ રીલીઝ પર પ્રતિબંધ મુકવાની માંગણી કરાઈ જેને સુપ્રીમ કોર્ટે નકારી કાઢી.કોર્ટે જે કહયું તે મુજબ હજુ સુધી તો ફિલ્મને સેન્સર બોર્ડનું સર્ટી.પણ મળ્યું નત તે પહેલાં કોઈ નિર્ણય લઈ શકાય નહીં.ફિલ્મને સર્ટીફિકેટ આપતાં પહેલાં તેના તમામ પાસાંનો વિચાર કરવામાં આવે છે.ફિલ્મની રીલીઝ પહેલાં સેન્સર બોર્ડની સર્ટી .આપવા માટે યોગ્ય ગાઈડલાઈન અમલમાં હોય છે.પરંતુ રાજપુત કરણી સેના દ્વારા ગુજરાત અને મહારાષ્ટ્રમાં તેનો વિરોધ થઈ રહ્યો છે.

જો કે ફિલ્મ જોયા વગર તેની માટે જે કાંઈ ટીકા ટિપ્પણી થઈ રહી છે તે કેટલી યોગ્ય છે તે કેવી રીતે કહી શકાય.ફિલ્મોની વાર્તાઓમાં ઐતિહાસિક કેટલીક બાબતોને વણી લેવાતી હોય છે પરંતુ તેનો સંપુર્ણ અર્થપુર્ણ રીતે ન્યાય અપાતો નથી.ફિલ્મને ચલાવવા માટે કેટલાક ફેરફારો કરીને તેને મનોરંજન સ્વરુપે બદલી દેવાય છે.જેથી કરોડો રુપીયાનું આંધણ કરનારા પ્રોડકશન હાઉસ કે તેમાં રોકાયેલા નાણાંનું વળતર તેઓ મેળવી શકે.ફિલ્મો લોકો માટે મનોરંજન પુરુ પાડતી એક વ્યવસ્થા છે તેને તેમાં જોતરાયેલા લોકો પોતાના ધંધાને અનરુપ તેમાં ગોઠવણો કરતા હોય છે.ખેર,આ બધી બાબતો માટે તમારે એક પ્રકારે તૈયાર રહેવું પડે કે તમે જે માનો છો તે પ્રમાણે જ તેમાં બધા પાસાં મુકાયેલા હોય તેમ જરુરી નથી.

કેટલાક રાજકીય સ્વાર્થ,ચુંટણી સમીકરણો એવી કેટલીક બાબતો આવી સમસ્યાઓને સમય પુરતો બારુદ પુરી પાડે છે અને અવ્યવસ્થાનું નિર્માણ ઉભુ થાય છે.આવા બખેડા રોકવા તંદુરસ્ત લોકશાહીની જરુર પડે છે.

## હિમાચલમાં ૭૪ ટકા મતદાન : ૩૩૭ નું ભાવિ સીલ

હિમાચલ પ્રદેશમા ૬૮ બેઠકોની વિધાનસભા માટે ૭૪ ટકા મતદાન થયું હતું.હિમાચલના મતદારોએ પોતાનો ચુકાદો આપી દીધો છે.કુલ ૩૩૭ ઉમેદવારોનું ભાવિ તેમાં સીલ થઈ ગયું છે. નોટબંધી અને જીએસટીની નિષ્ફળતા અને સફળતાના દાવા વચ્ચે જયારે પરિણામ આવશે ત્યારે ખબર પડશે.ભાજપ માટે આ ચુંટણી પરિણામો લિટમસ ટેસ્ટ સમાન રહેશે.ચુંટણીમાં ઈવીએમ અને વીવીપેટમાં ખામીઓ ઉજાગર થઈ હતી.પરંતુ તેને બદલીને મતદાન પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી હતી.

અનુ પાન નં ૧ નુ ચાલુ

વસુલી લીધા હવે તે મોકો આપણે ગુમાવી દીધો છે. દેશની આંતરિક વ્યવસ્થા હવે ભાંગી પડી છે.સેવીગ્સ ભાંગી પડ્યું છે.ટ્રમ્પ આવીને ભારતની પ્રગતિ કે વિકાસ કરવાના નથી તે ભારતમાંથી જ થવાનો છે.અર્થ વ્યવસ્થામાં તોફાન પહેલાંની શાંતિ છે.અને જો ડોલરના ભાવ ૭૦ થાય થઈ જાય તો નાણાંકીય વ્યવસ્થા તંત્ર ખોરવાઈ જવાની વાર લાગશે નહી.

સિંહાએ કહ્યુ હતું કે પીએમ મોદીના નોટબંધીના પ્રવચનમાં કેશલેસ ઈકોનોમી અને ડીજીટલ ઈન્ડીયાની વાત જ ન હતી.બલ્કે બ્લેક મની, કાશ્મીરનો પથ્થરમારો વિગેરે વાતો કરતા હતા.તેના બદલે નોટબંધી પછી જે હાલત થઈ તેના કારણે કેશલેશ થઈ ગયેલા દેશના લોકો સમક્ષ કેશલેસ વ્યવહારોની વાતો કરવા લાગ્યો.જેટલી નાણાંમંત્રી છે પણ ગુજરાતી નથી. ખાલી ગુજરાતમાંથી ચુંટાઈ આવે છે જે ગુજરાતીઓ પર બોજ છે.જો તેઓ ના ચુંટાયા હોત તો કોઈ ગુજરાતના વ્યક્તિને જ તક મળી હોત. તેના રાજીનામાંની માંગણી પણ થઈ રહી છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## નોટબંધીને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે સંગઠિત લુંટ તરીકે વર્ણવી : ચુંટણી પુર્વે ભાજપ-કોગ્રેસનું વાક્ યુધ્ધ ચરમસીમા પર

બહુ ઓછાબોલા તરીકે પંકાયેલા પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં બેઉ બળીયા વચ્ચે ફાટી નિકળેલ વાક્ યુધ્ધ ચરમસીમા પર પહોચ્યુ છે.રુપીયા ૧૦૦૦ અને રુ.૫૦૦ની ચલણી નોટો ચલણમાંથી રદ કરવાના સરકારી નિર્ણયને એક વર્ષ પુર્ણ થતાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે શાબ્દિક યુધ્ધ છેડાઈ ચુક્યું છે.

પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નોટબંધીને એક વખત સંગઠિત લુંટ ગણાવી હતી.તેમણે નોટબંધીના નિર્ણયને આડેધડ કવાયતરુપ ગણાવ્યો હતો. નોટબંધી સરકારનું બ્લંડર ગણાવીને તેના કારણે દેશનો જીડીપી ઘટ્યો હોવાનો આરોપ મુક્યો હતો.નોટબંધી અને જીએસટી જેવા મોદી સરકારના વિનાશકારી નિર્ણયથી દેશમાં ટેક્સ ટેરીરીઝમની સ્થિતિ ઉભી થઈ હોવાનો પણ આરોપ મુક્યો હતો.

તેમણે ૮ નવેમ્બરના દિવસે દેશના અર્થતંત્ર જ નહીં પરંતુ લોકશાહી માટે કાળો દિવસ લેખાવતાં કહ્યુ કે આ નિર્ણયથી દેશના લઘુ-મધ્યમ ઊદ્યોગોની કમર તુટી ગઈ છે.નોટબંધીને મોદી સરકારનો બ્લંડર નિર્ણય ગણાવતાં તેમણે કહ્યુ હતું કે આ નિર્ણયથી તેમને આઘાત લાગ્યો હતો.વડાપ્રધાનના આ ઉતાવળીયા નિર્ણયથી દેશનો જીડીપી ઘટીને ૫.૭ ટકા થયો હોવાનું મનમોહનસિંહે કહ્યુ હતું.જીડીપીમાં વાર્ષિક એક ટકાનો ઘટાડો દેશના દોઢ લાખ કરોડ રુપીયા ઓછા કરે છે.ખેડુતોની આવક પાંચ વર્ષમાં બેગણી કરવાના મોદીના નિવેદનને તેમણે વધુ એક ચુંટણી જુમલો ગણાવ્યો હતો. વિધાનસભાની ચુંટણી પ્રચાર માટે નોટબંધીને એક વર્ષ પુર્ણ થવાના એક દિવસ પહેલાં અમદાવાદની મુલાકાતે આવેલા પ્રખર અર્થશાસ્ત્રી અને પુર્વ વડાપ્રધાન ડો.સિંઘે શાહીબાગ સ્થિત સરદાર પટેલ સ્મારક ખાતે ઊદ્યોગકારો અને કોગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધતા નોટબંધી અને જીએસટીના મુદ્દે મોદી સરકારની આકરી ઝાટકણી કાઢી હતી.તેમણે કહ્યુ હતું કે નોટબંધીથી કાળુ નાણું,ટેરર ફંડિગ અને કેશલેસ ઈકોનોમી જેવા એક પણ હેતુ સિધ્ધ થયા નથી.

૨૦૧૬-૧૭ના પ્રથમ છ મહિનામાં ચીનમાંથી ભારતની આયાત ૨૦૧૭-૧૮માં સમયગાળા દરમિયાન ૧.૯૬ લાખ કરોડ હતી. જે વધીને રુપીયા ૨.૪૧ લાખ કરોડની થઈ ગઈ છે.આમ, આયાતમાં થયેલો અભુતપુર્વ વધારો રુપીયા ૪૫૦૦૦કરોડ થવા જાય છે.એક વર્ષમાં ૨૩ ટકાનો વધારો સુચવે છે.જે મોટેભાગે નોટબંધી અને જીએસટીને આભારી છે.ભારતીય નોકરીઓના ભોગે ચીનથી આયાત વધી રહી છે.જીએસટી થી વેપારી



આલમમાં રીતસરનો ખોફ પેદા થયો છે.સાનુકુળ વૈશ્વીક અક્રોઈકોનોમિક શરતો હોવા છતાં કરવેરાના આતંકવાદના ભયથી ઊદ્યોગોમાં રોકાણકારોનો વિશ્વાસ ઘટ્યો છે.

જેના પગલે હાલમાં ખાનગી મુડીરોકાણની વૃધ્ધિ ૨૫ વર્ષની નીચી સપાટીએ આવી ગઈ છે.નોટબંધીનો અવિચારી નિર્ણયનો કારણે પ્રજા પરેશાનીમાં મુકાઈ ગઈ છે.૮૬ ટકા રોકડ પાછી ખેચવી પડે તેવો નોટબંધીનો નિર્ણય વિશ્વનો ભાગ્યે જ કોઈ દેશ કરે એ જણાવી તેમણે કહ્યુ હતું કે એક વર્ષ પછી ચલમમાં ૯૦ ટકા રોકડ પાછી ફરી છે.

## નોટબંધી કાળા નાણાં ને સફેદ કરવાનું મોટું કૌભાંડ : મમતા બેનરજી

નરેન્દ્ર મોદી સરકાર પર નોટબંધીના મામલે પ્રહારો કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે નોટબંધી એક મોટું કૌભાંડ હતુ ને તેના દ્વારા સ્થાપિત હિતોને કાળા નાણાં સફેદ કરવામાં મદદ મળી હતી. બેનરજીએ આ ટિપ્પણી નોટબંધીની પ્રથમ વર્ષગાંઠની પુર્વસંધ્યાએ કરી હતી. તેમણે ફેસબુક પર કહ્યુ હતું કે નોટબંધીના કૌભાડની જો તપાસ કરાવવામો આવે તો તે સાબિત થશે.કાળા નાંણાને નાથવા માટે નહોતી નોટબંધી પરંતુ સ્થાપિત હિતોના કાળા નાણાં સફેદ કરવા કરાઈ હતી.

મમતા બેનરજી પોતાના ગઢનાં કાંકરા ખરે નહીં માટે પાણી પહેલા પાળ બાંધવાની શરુઆત કરી દીધી છે.ભાજપનો ગાયનો મુદ્દો તેમણે ઉપાડી લીધો છે અને ગાયના સહારે પંચાયત ચુંટણીમાં સર્વેસર્વા બનવાની નેમ છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## નોટબંધીનો નિર્ણય સરકારનો નીતિમત્તાપુર્ણ હતો : નોટબંધી એ તમામ સમસ્યાઓનો ઉકેલ નથી : જેટલી

નાણાં મંત્રી અરુણ જેટલીએ નોટબંધીનો નિર્ણય એ સરકારનું નૈતિક પગલું ગણાવતાં કહ્યુ હતું કે પુર્વ વડાપ્રધાને જણાવ્યા મુજબ નોટબંધી એ સંગઠિત લુટ હતી તે ખોટું છે.તેમણે ડો.સિંઘની સરકારને ટુજી સ્પેક્ટમ કૌભાં.ડ,કોમનવેલ્થ કૌભાંડ અને કોલસા કૌભાંડ દ્વારા લુંટ ચલાવાઈ હતી તેવું જણાવ્યુ હતું.જેટલીએ કહ્યુ હતું કે નોટબંધીના નિર્ણયછી એક વ્યાપક ઔપચારિક સ્વચ્છ અર્થતાંત્ર સ્થપાયું જેમાં મોટાપાયે લોકોને ટેક્સ હેઠળ આવરી લેવાયા છે. એક વર્ષ પહેલાં લેવાયેલો નોટબંધીનો નિર્ણય ઐતીહાસિક અને દેશના અર્થતંત્ર માટે મહત્વના વળાંક સમાન હતો.નાણાંમંત્રીએ આ સાથે કહ્યુ કે નોટબંધી એ તમામ સમસ્યાનો ઉકેલ નથ. પ રંતુ તેણે એજન્ડા બદલ્યો છે. અને પગલાંથી લેશ -કેશ ઈકોનોમી તરફ દેશ આગળ વધ્યો છે. જેને કારણે વધુ સંખ્યામાં લોકો ટેક્સની જાળમાં આવ્યા છે. અને તેને કારણે ટેરર ફંડીગ પણ ઘટયુ છે.નોટબંધીને કારણે માલુમ પડ્યું છે કે ૧૮ લાખ લોકો પાસે આવક કરતાં વધુ પ્રમાણાં સંપત્તિ છે. કોગ્રેસે કાળા નાણાં સામે ક્યારે પગલાં લીધા નથી. નીતિમત્તાના મુદ્દે ભાજપ કોગ્રેસથી અલગ દષ્ટિકોણ ધરાવે છે. ભાજપ



દેશની સેવાને પ્રાથમિકતા આપે છે.દેશની પ્રતિષ્ઠાને કોઇ નુકશાન થયું નથી.

## મોદી સરકારની નીતીઓથી દેશના ખેડુતો,વેપારીઓ અને યુવાનો નારાજ છે : શત્રુધ્ન સિંહા

ભાજપના સાંસદ અને અભિનેતા શત્રુધ્ન સિંહાએ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પર નિશાન સાધ્યુ હતું. તેમણે જણાવ્યુ હતું કે ભાજપને લોકોની ઈચ્છાઓ અને આશાઓની પુર્તિ દ્વારા પોતાને સાબિત કરવાનો છે.આ સાબિતી માટે પહેલા તો ભાજપે પોતાની વન મેન આર્મી અને ટુ મેન આર્મીની માનસિકતામાંથી બહાર આવવું પડશે.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે આજે પણ દેશના ખેડુતો,વેપારીઓ અને યુવાનો મોદી સરકારની નીતીઓથી નારાજ છે.આગામી સમયમાં યોજાનારી ગુજરાત અને હિમાયલ પ્રદેશની વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપને મુશ્કેલી નડશે કારણકે વેપારીઓ, ખેડુતો અને યુવાનો નારાજ છે. ઉલ્લેખનીય છે કે શત્રુધ્ન સિંહા પાટલીપુત્રથી લોકસભાના સાંસદ છે. અને છેલ્લા કેટલાક મહિનાઓથી પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં છે.થોડા દિવસ પહેલાં તેમણે પુર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિંહાને સમર્થન આપીને દેશની ખાડે જતી અર્થ વ્યવસ્થાના મુદ્દે મોદી સરકાર ઉપર નિશાન તાક્યું હતું.

સિંહાએ વધુમાં કહ્યુ હતું કે પક્ષ દ્વારા વરિષ્ઠ નેતાઓને હાંસિયામાં ધકેલી દેવાયા છે. ખરેખર પાર્ટીએ એક જુથ થઈને વરિષ્ઠ નેતાઓને સાથે રાખીને તેમના આર્શીવાદ લઈને આગળ વધવું જોઈએ.

આ નેતાઓએએ જ બધું ન્યોછાવર કરીને પક્ષને આ સ્તર ઉપર પહોચવામાં મદદ કરી છે.મને આજ સુધી નથી સમજાતું કે એલ.કે.અડવાણી,મુરલી જોશી, યશવંત સિંહા અને અરુણ શૌરી જેવા સિનિયર નેતાઓની શું ભુલ હતી કે તેઓને હાંસિયામાં ધકેલી દેવાયા છે.આખરે તો આપણે ભાજપ પરિવારના જ સભ્યો છીએ.આ લોકોથી કોઈ ભુલ થઈ હોય તો તેને માફ શા મ ાટે નથી કરાતા.

## ભારત સૌ પ્રથમ હિન્દુઓનો દેશ, પછી બીજાનો : શિવસેના

શિવસેનાએ ભારતને પ્રથમ હિન્દુઓનો અને પછી અન્યોનો દેશ ગણાવતાં કહ્યુ હતું કે હિદુત્વ સમર્થક સરકાર હો‌ા છતાં અયોધ્યામાં રામ મંદિર નિર્માણ અને વિસ્થાપિત કાશ્મીરી પંડિતોની ઘરવાપસી જેવા મુદ્દા હજુ પણ વણ ઉકેલ્યા છે.પાર્ટીના મુખપત્ર સામનાના સંપાદકીયમાં શિવસેનાએ કહ્યુ છે કે આરએસએસ પ્રમુખ કહે છે કે હિન્દુઓની જેમ જ ભારત અન્યોનો પણ દેશ છે.શિવસેના પ્રમુખના માનવા પ્રમાણે ભારત પ્રથમ હિંદુઓનો દેશ છે. અને પછી અન્યોનો છે. કેમકે મુસ્લીમોના ૫૦ થી વધુ દેશો છે. આ પહેલા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે ઈન્દોરમાં કહ્યુ હતું કે હિન્દુસ્તાન હિન્દુઓનો દેશ છે. પણ તેનો અર્થ એ નથી કે આ અન્ય લોકોનો નથી.શિવસેનાના સંપાદકીયમાં લખ્યું છે કે ખ્રિસ્તીઓ પાસે અમેરિકા અને યુરોપના દેશો છે. બોદ્ધો માટે ચીન,જાપાન,શ્રીલંકા અને મ્યાંમાર છે.હિન્દુઑની પાસે આ ઉપરાંત કોઈ દેશ નથી. સંપાદકીયમાં લખ્યું છે કે વર્તમાનમાં હિદુત્વ સમર્થક,બહુમતી વાળી સરકાર છે. છતાં પણ તે અયોધ્યામાં રામ મંદિર બનાવવા ઈચ્છુક નથી અને તેને તેના ભવિષ્યને અદાલતના હાથમાં છોડી દીધું છે.હિદુત્વ સમર્થક સરકાર હોવા છતાં કાશ્મીરી પંડિતોની ઘરવાપસી થઈ શકી નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## સાઉદી અરેબિયામાં ભ્રષ્ટાચાર સ્વચ્છતા અભિયાન હેઠળ ૧૧ શાહજાદાની ધરપકડ

સાઉદી અરબમાં પાટવી કુંવર મોહમ્મંદ બિન સલમાન સત્તાના સુત્રો સંભાળવા જઈ રહ્યા છે ત્યારે દેશમાં શરુ કરાયેલા ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન અંતગર્ત અબજો પતિ શાહજાદા અલ વાલીદ બિન તલાલ સહિત ૧૧ રાજકુવરોની ધરપકડ કરી છે.તે ઉપરાંત ૪ વર્તમાન મંત્રીઓ અને ડઝનો પુર્વ મંત્રીઓને પણ જેલના સળીયા પાછળ ધકેલી દેવાયા છે.સાઉદીની સરકારે રાજગાદીના પ્રબળ દાવેદાર અને સાઉદી નેશનલ ગાર્ડના વડા, સાઉદી નૌકાદળના વડા અને નાણાંમંત્રીને પણ બરતરફ કરી નાંખ્યા છે.અટકાયતમાં લેવાયેલ લોકોને રિયાધની રિત્ઝ કાર્લટોન હોટલમાં રખાયા છે.

સાઉદીના ધર્મગરુઓની ટોચની કાઉન્સીલે એક નિવેદન જારી કરીને જણાવ્યુ હતું કે ભ્રષ્ટાચાર સામેની લડાઈ ઈસ્લામીક ફરજ છે.ધર્મગુરુઓના સમર્થનથી પાટવીકુંવરના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનને વધુ બળ પ્રાપ્ત થયું છે.

## હોલમાર્ક વગરના દાગીના વેચી શકાશે નહી સરકાર ગુણવત્તાના મુદ્દે આકરા નિયમો લાવવાની તૈયારીમાં

ભારતમાં સોના ઉપરનો પ્રેમ જાણીતો છે. તહેવારો દરમિયાન સોનાના દાગીનાની ધુમ ખરીદી થાય છે. દાગીનાની ગુણવત્તા બાબતે ઘણી સમસ્યા થતી હોય છે. આ સંજોગોમાં દુકાનદાર પર કેવી રીતે વિશ્વાસ મુકવો તે પણ એક સમસ્યા છે. સરકારે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે રસ્તો શોધી કાઢ્યો છે. હવે ઘરેણાની ખરીદી દરમિયાન લોકોને ગણી સવલત મળી રહેશે. સરકારે ઘરેણાની ગુણવત્તાના માપદંડો નક્કી કરી લીધા છે. ટુંક સમયમાં જ આ મુદ્દે એક નિર્દેશ જારી થવાની શક્યતા છે. કન્ઝુમર્સ બાબતોના મંત્રી રામવિલાસ પાસવાને જણાવ્યુ હતું કે સરકારે હોલમાર્ક વગરના દાગીના વેચવા પર પ્રતિબંધ મુકવાનો તપ્તો તૈયાર કરી લીધો છે. ટુંક સમયમાં નિયમ જારી કરાશે. જેના આધારે હોલમાર્ક વગરના દાગીના વેચી શકાશે નહીં. દરેક જ્વેલર્સે પોતના દાગીના હોલમાર્ક કરવવા ફરજીયાત થઈ જશ. નિયમનો ભંગ કરનાર સામે કડક પગલાં ભરાશે.

પાસવાને કહ્યુ હતું કે હાલમાં સોનાના કેરેટ અંગે વિવિધ માપદંડો પ્રવર્તી રહ્યા છે.ઝવેરીઓ દ્વારા વિવિધ કેરેટનું સોનું વેચવામાં આવી રહ્યું છે.હાલમાં ૯ કેરેટથી માંડીને ૧૮ થી ૨ કેરેટના સોનાના વેચાણના માપદંડ નકકી કરવામા આવે તેવી શક્યતાઓ છે.દાગીના બનાવતી કંપનીઓએ નામ, હોલમાર્કનું નિશાન અને કેરેટ જેવી વિગતો દાગીના ઉપર જ કોતરવી પડશે. નવા નિયમો ડિસેમ્ભર સુધીમાં લાગુ થઈ જાય તેવી શક્યતાઓ છે. જો આવા નિયમો લાગુ પડશે તો દેશના સોનું ખરીદનારા ગ્રાહકોને તેનાથી વિશેષ લાભ થશે.

## હવે ભારત ચીનના માલ સામાનની ગુણવત્તા નક્કી કરશે

ભારત કંઝ્યુમર્સ એન્ડ કેપીટલ ગુડસ ક્વોલીટી કંટ્રોલ નિયમોને વધુ કડક બનાવાશે તેથી ચીનને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.ચીન ભારતમાં વિવિધ પ્રકારના માલસામાનનો મોટો જથ્થો નિકાસ કરે છે.સરહદે બેઉ દેશો વચ્ચે તંગદીલી છે તેથી આ નિર્ણય લેવાયો છે.નવા નિયમો મુજબ રમકડાં,વીજળીનો સામાન, મશીનરી,ફુડ પ્રોસેસીંગ, કંન્સ્ટકશન એન્ડ કેમીકલ્સ જેવા સેકટરોમાં તે અમલમાં આવશે.આ ઉપરાંત ચીનની મોટી કંપનીઓ ભારતમાં અબજો ડોલર પાવર ટ્રાન્સમીશન અને ટેલીકોમ ક્ષેત્રે રોકાણ કરવા ઈચ્છે છે.આ નિયમો કડક બનાવવાથી ચીનના રમકડાં વેચનારાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.બ્યુરો ઓફ ઈન્ડીયા સ્ટાન્ડર્ડસના તમામ સેકટર માટે આશરે ૨૩૦૦૦ માનક છે.અનેક સો ટકા અમલમાં નથી.કહેવામાં આવ્યુ છે કે લેબોરેટરીમાં પરીક્ષણ થવું જોઈએ પણ તેમ થતું નથી.હવે યુધ્ધ સ્તરે નિયમો કડક બનાવવાની કામગીરી શરુ થઈ ગઈ છે.તે દેશ-વિદેશી તમામ માલસામાન પર અમલી બનશે.જો કે એક બાજુ ચીની વસ્તુઓનો બહિષ્કાર કરવાની વાત સરકાર કરે છે. બીજી બાજુ ગુણવત્તા તપાસવાની વાત કરે છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# મેક ઇન ઇન્ડીયાના સપનાને સાકાર કરવા દેશના કાયદામાં ધરમુળથી ફેરફાર કરાશે તો મોટા પ્રોજેક્ટ આવી શકશે

દેશમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ આવીને ભાગીદારીમાં મોટા પ્રોજેક્ટો નાંખી શકે માટે દેશના કાયદાઓમાં ધરમુળથી ફેરફારો કરવા જરુરી છે.દેશની નોકરશાહીની લાલીયાવાડીને કારણે મોટા પ્રોજેક્ટો દેશમાં આવી શકતા નથી.કેટલાક આવે છે પરંતુ દેશની નોકરશાહીના ચક્રવ્યુહમાં એટલી કંટાળી જાય છે કે તેઓ અન્ય દેશોમાં પોતાના પ્રોજેક્ટ લઇ જાય છે.

તાજેતરમાં અમેરિકાના ઇલેક્ટ્રીક કાર બનાવતી ટેસ્લા કંપનીનો પ્રોજેક્ટ હવે ભારતને બદલે ચીનના શાંગહાઇમાં ખસેડાઇ ગયો છે.કેન્દ્રની મોદી સરકાર છેલ્લા એક વર્ષથી ભારતમાં ઇલેક્ટ્રીક કારનું ઉત્પાદન કરવા માટે ટેસ્લા કારનું ઉત્પાદન કરવા માટે ટેસ્લા અને આઇફોનનું ઉત્પાદન કરવા માટે એપલ કંપની સાથે વાટાઘાટો કરી રહી હતી.પણ એક યા બીજા કારણો સર આ પ્રોજેક્ટ નોકરશાહીમાં અટવાયા હતા. ટેસ્લાએ હવે ઇલેક્ટ્રીક કાર પ્રોજેક્ટશાંગહાઇમાં નાંખવાનો નિર્ણય લઇ લીધો છે.આને કારણે ભારતમાં મેક ઇન ઇન્ડીયા પ્રોજેક્ટને ભારે ફટકો પડ્યો છે.

ટેસ્લાના પ્રમુખ ઇલોન મસ્ક અને ચીનના સત્તાવાળાઓ વચ્ચે શાંગહાઇમાં નવી ફેકટરી નાંખવા સંમતિ સધાઇ હોવાનું વોલ સ્ટ્રીટ જર્નલે જણાવ્યુ હતું. અમેરીકાની બહાર ટેસ્લાની આ પહેલી કાર ફેકટરી હશે. જ્યાં એમીશન ફ્રી કારોનું ઉત્પાદન થશે.ચીન સરકારે આ માટે મેક ઇન ચાઇનાની કેટલીક શરતો પડતી મુકીને શાંગહાઇના ફ્રી ટ્રેડ ઝોનમાં ટેસ્લાને કારખાનું નાંખવા માટે મંજુરી આપી દીધી છે.ટેસ્લાએ આ પ્રોજેક્ટ ભારતમાં સ્થાપવા માટે ૨૦૧૫માં મોદી સરકાર સમક્ષ પ્રસ્તાવ રજુ કર્યો હતો.અને મોદી તેમજ અન્ય અધિકારીઓની ટેસ્લાના પ્રમુખ ઇલોન મસ્ક સાથે વાતચીત પણ થઇ હતી.આમ છતાં આ દોડમાં ભારત ચીન કરતાં પાછળ રહી ગયું છે. ઇલોન મસ્ક આખરે કંટાળીને ચીન સાથે સોદો કરી નાંખ્યો છે.ઇલોને આના કારણો આપતાં ટ્વિટ કર્યુ હતું કે ભારત એક સુસ્ત દેશ છે જે તેની સાથે વેપાર કરવા ઇચ્છતી બહુરાષ્ટ્રીય કંપનીઓની વાસ્તવિક જરુરીયાતોને સમજવાની કોશીશ કરતું નથી.

સમસ્યા મેક ઇન ઇન્ડીયા હેઠળ ભારત આકરી શરતો મુકીને જડ વલણ અપનાવે છે તેની છે.ભારતે મેક ઇન ઇન્ડીયા હેઠળ ઓછામાં ઓછા ૩૦ ટકા સ્પેર પાર્ટસ ભારતમાંથી જ ખરીદવાની શરત રાખી છે. હવે અહીં.ઇલેક્ટ્રીક કાર પણ નથી કે તેના સ્પેરપાર્ટસનું ઉત્પાદન કોઇ પણ કરતું નથી.ત્યારે ટેસ્લા કેવી રીતે તેની કારનુ ઉત્પાદન કરી શકે.

# આધારનું ફરજીયાત લિન્કીંગ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો : સુબ્રમણ્યમ સ્વામી

આધાર નંબરને મોબાઇલ ફોન સાથે ફરજીયાતપણે જોડવાના સરકારનો તુણમુલ નેતા મમતા બેનરજી પછી ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ વિરોધ કર્યો છે.સ્વામીએ જણાવ્યુ હતું કે જુદી જુદી સરકારી સ્કીમોનો લાભ લેવા માટે તેમજ ટેલીકોમ સેવામાં મોબાઇલ ફોન નંબર સાથે આધાર નંબર જોડવાનું રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરા સમાન છે.સુપ્રીમ કોર્ટે આ જોગવાઇ રદ કરવી જોઇએ. તેઓ પીએમ મોદીને આ મુદ્દે પત્ર લખવાના છે. સ્વામીએ કહ્યુ કે તેને મરજીયાત બનાવવા સુપ્રીમ કોર્ટે મહત્વનું પગલું લેશે. ડીપાર્ડ.ઓફ ટેલી કોમ્યુનીકેશન દ્વારા નંબરો ૨૩ માર્ચ સુધીમાં આધાર સાથે લિન્ક કરવા કહેવાયું છે.

અગાઉ મમતા બેનરજીએ મોબાઇલ ફોન નંબરને આધાર સાથે જોડવાની વાતને સુપ્રીમ કોર્ટમાં પડકારી હતી. સુપીરમ કોર્ટે મમતા બેનરજીને આડે હાથ લઇને કહ્યુ હતુંકે કોઇ રાજ્ય કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારે. બેનરજીને કોઇ સમસ્યા હોય તો તેળો વ્યક્તિગત રીતે કોર્ટમાં ફરિયાદ કરે. કેન્દ્રની નીતિઓના વિરોધમાં મમતા બેનરજીએ ૨૫ ઓકટો. તેમનો મોબાઇલ નંબર આધાર સાથે નહી જોડવા ચીમકી આપી હતી અને સુપ્રીમ માં પડકાર ફેક્યો હતો.

# દેશમાં વેચાતા ૭૬ ટકા એલઇડી બલ્બ્સ જોખમી : સર્વે

સરકાર એલઇડીના વેચાણને પ્રોત્સાહન આપવા અનેક સ્કીમો લાવી રહી છે તેની વચ્ચે એક ચિંતાજનક સમાચાર એ છે કે ભારતમાં વેચાતા ત્રણ ચર્તુથાંશ લાઇડ ઇમીટીંગ ડિઓડ(એલઇડી) બલ્બ્સ ઉપયોગમાં જોખમી છે.ભારતના એક અબજ ડોલરના બજારમાં ૭૬ ટકા બલ્બ ખામી યુક્ત હોવાની બાબતે ચિંતા જન્માવે છે.

આ બલ્બ્સ સરકારના ગ્રાહક સલામતીના ધોરણોનું પાલન કરતાં નથી.તેવું એક માર્કેટ રિસર્ચ કરતી સંસ્થા નિલ્સને એક સર્વેમાં જણાવ્યુ હતું. અમદાવાદ,મુંબઇ,હૈદ્રાબાદ અને નવી દિલ્હીમાં ૨૦૦ જેટલા ઇલેક્ટ્રીકલ છુટક વેચાણ કેન્દ્રોનો જુલાઇમાં અભ્યાસ કર્યા બાદ આ રિપોર્ટ તૈયાર કરાયો છે .જેમાં જણાવાયું છે કે આ બલ્બ્સ જોખમી છે.રાજધાની દિલ્હીમાં આવા બલ્બ્સની સંખ્યા સૌથી વધુ છે અને ત્યાં સરકારના ધોરણોનું સૌથી વધુ ભંગ થયાનું જણાવાયયું છે. ખરાબ પેદાશોને કારણે સરકારની વેરાની આવક ઘટી રહી છે.રોકાણના હેતુઓને અસર થઇ રહી છે.તે ઇઝ ઓફ ડુંઇગ બિઝનેસ ફિલોસોફીની વિરુધ્ધમાં છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# સાંપ્રત પરિસ્થિતિમાં રાજકીય અખાડામાં ઉતરેલા ધુરંધર મહારથીઓથી જામ્યુ રાજકીય દંગલ : ભાજપ સરકાર સફળ કે નિષ્ફળ ?

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આવી રહેલી વિધાનસભાની ચુંટણીઓમાં રાજકીય દંગલ ઉભું થયું છે. ભાજપ સરકારની છેલ્લા ત્રણ વર્ષની આર્થિક પરિસ્થિતિ અને તેમના કેટલાક નિર્ણયોને કારણે સરકાર નિષ્ફળ કે સફળ તે બાબતે રાજકીય ધુંરંધરો મેદાનમાં આવી ગયા છે.ભાજપની મોદી સરકારે નોટબંધી અને જીએસટી જેવા લીધેલા નિર્ણયોને કારણે આર્થિક મંદી ઊભી થઇ છે અને તેના કારણે દેશના નાગરિકોમાં અસંતોષની પારાવાર લાગણીઓ ઊભી થઇ છે અને તેના દુષ્કર પરિણામો મતપેટીઓમાં દેખા દે તેવી વકી ને કારણે સત્તારુઢ પાર્ટી અને વિરોધ પક્ષો વચ્ચે રાજકીય દંગલ ઉભુ થયું છે.કેટલાક ધુરધરોના વિચારો બાબતે જાણકારી મળી છે તેને જોઇએ.

એક વખતના ભાજપના પીઢ નેતા અને અગ્રેસર મનાતા અરુણ શૌરીએ નોટબંધીનું પગલું આત્મઘાતી ગણાવ્યુ હતું. તેમણે કહ્યુ હતું કે ફક્ત અઢી લોકો જ સરકાર ચલાવે છે.તેમણે મોદી સરકારની ટીકા કરતાં કહ્યુ હતું કે આ સરકારની ક્ષમતા માત્ર ઇવેન્ટ મેનેજમેન્ટમાં છે.સરકાર ચલાવવાનું જ્ઞાન નથી એવા લોકો સરકાર ચલાવે છે.આ અટકળો અને સપનાઓ પર ચાલતી સરકાર છે.સરકાર ચલાવનારાઓ કોઇનુ સાંભળતા જ નથી.તેમજ કોઇની સલાહ લેતા નથી.નરેન્દ્ર મોદી, અમિત શાહ અને જેટલી ઇન હાઉસ વકીલ તેઓ સરકાર ચલાવવાનું કોઇ નિષ્ણાંત જ્ઞાન ધરાવતા જ નથીી.તેમની આસપાસ ફરતાં પણ નિષ્ણાંતો નથી. તેઓ એક બંધ ચેમ્બરમાં બેસીને સરકાર ચલાવે છે.હતાશામાં પડેલી રિઝર્વ બેન્કે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પાયમાલ કરી નાંખ્યા છે.તેમની બુમરાણ કોઇ સાંભળતું નથી. યશવંત સિંહા,પી.ચિદમ્બરમ અને અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓએ સત્ય શું છે તેની જાહેરાત કરી છે. પણ તે બહેરા કાને અથડાય છે. મોદી સરકાર ઇવેન્ટ મેનેજમેન્ટમાં જ છે અને તેની સફળતાથીચ તેઓ આત્મસંતોષ માણે રહ્યા છે.

કોગ્રેસના નેતા અને પુર્વ મંત્રી પી.ચિદમ્બરમ કર્યુ કે નોટબંધી-જીએસટીએ અર્થતંત્રને ભારે પછડાટ આપી છે.રાજકીય આંધીના પરિણામો હવે સામે આવી રહ્યા છે.કેટલીક ભાંગફોડ તો કાયદાની ભાગફોડ છે.સંઘ અને ભાજપ બંને વિવિધ ભાંગફોડ માટે જવાબદાર છે.ખાસ શબ્દોનો ઉપયોગ કરીને કે પછી સુચક મૌન પાળીને મોદીએ આંતરધર્મી લગ્ન,બીફ, ડ્રેસકોડ,કેટલીક સાંસ્કૃતિક બાબતો, રાષ્ટ્રવાદ,માતૃભુમિ, સમાન નાગરિક સંહિતા, અને જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો મુદ્દે ચર્ચાના વમળ સર્જ્યા હતા. આવી ચરકચાઓ સમાજમાં માત્ર ભાગલા પાડી શકે છે કે પછી દલિતો,આદિવાસીઓ, લઘુમતી સમુદાયો, મહિલાઓ અને યુવાનોને ભયભીત કરી શકે.ભાજપ સરકાર દેશની વૃધ્ધિ કે ટેકારુપ વાતાવરણ પુરુ પાડી શકી નથ.સંઘ અને ભાજપ બંને વિવિધ ભાંગફોડ માટે જવાબદાર છે. કેટલીક ભાંગફોડ તો કાયદાની ભાંગફોડ છે. નોટબંધી અને જીએસટ બે મોટી ભાંગફોડ હતી. સૌથી મહત્વનો મુદ્દો બેરોજગારીનો બની રહ્યો છે.રાજકીય આંધીના પરિણામો હવે સામે આવી રહ્યા છે.તેને કારણે યુવાનોમાં આક્રોશ જન્મી રહ્યો છે.

જ્યારે રાહુલ ગાંધી એ કહ્યુ હતું કે મોદીજી હવે દેશનો સમય બરબાદ કરવાનું બંધ કરી લોકોને કામ મળે તે દિશામાં કામ કરે.તેમનાથી ના થતું હોય તો તો ના પાડે, અમે કરીશું.

# ભુકંપ વિરોધી કોકિટનું પરીક્ષણ કરાશે :નવીનતમ કોક્રીટ પરીક્ષણમાં સફળ બનશે તો ભુકંપ વિરોધી મકાનો બની શકશે.

સંશોધકોએ ભુકંપનો સામનો કરી શકે તેવું કોક્રિટ વિકસાવ્યુ છે.જેનુ પરિક્ષણ ઉત્તરાખંડની એક શાળાની ઇમારતમાં કરવામાં આવશે.આ નવીનતમ કોક્રિટ ભુકંપનો સામનો કરવા અભુતપુર્વ મજબુતી ધરાવે છે એવો દાવો બ્રિટિશ કોલમ્બિયા યુનીવરસીટીના સંશોધકો દ્વારા કરવામાં આવ્યો છે.પરિક્ષણમાં સફળતા મળે ભુકંપગ્રસ્ત વિસ્તારો માટે ભુકંપવિરોધી બાંધકામ ફાયદાકારક બનશે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પલેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.